| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |


**તા.૨૯/૦૪/૨૦૨૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૬૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૧૬૬ લીટર દેશી દારૂ, ૭૦૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન, ૦૧ કાર અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૦,૩૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૬૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૩૧ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૫૬૫/૨૦૨૫**

**ચાંદખેડાઃ** જયદીપભાઇ પ્રાણસુખભાઇ પટેલ (ઉ.વ.૩૧)(રહે.શ્રીનાથ બંગ્લોઝ વિભાગ-૧, માતૃશ્રી પાર્ટી પ્લોટ સામે, ચાંદખેડા) એ તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૪/૨૦૨૫ સાંજના ૭/૦૦ થી તા.૨૮/૦૪/૨૦૨૪ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમની તીજોરીમાંથી (૧) રોકડ રૂપિયા ૨,૭૦,૦૦૦/- (૨) ચાંદીના સિક્કા નંગ- ૧૬ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- (૩) સોનાનો સિક્કો કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- (૪) સોનાનો દોરો કિમત રૂપિયા ૫૦,૦૦૦/- (૫) સોનાની બે વિંટીઓ કિમત રૂપિયા ૬,૦૦૦/- (૬) પગની એક જોડી પાયલ કિમત રૂપિયા ૫,૦૦૦/- (૭) સોનાની તુટેલી ૨ જોડી બુટ્ટીઓ કિમત રૂપિયા ૬,૦૦૦/- (૮) મોબાઈલ નંગ-૪ કિમત રૂપિયા ૧૮,૦૦૦/- અને (૯) ફોરેન કરન્સી મળી કુલ રૂપિયા ૬,૩૫,૦૦૦ /- મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એચ.એમ.આહિર ચલાવે છે.

**નવરંગપુરાઃ** મુણાલબેન વા/ઓ બ્રિજેશભાઇ બારોટ (ઉ.વ.૪૭)(રહે,પાયલ એપાર્ટમેન્ટ, નેશનલ હેન્ડલુમ પાસે, લો-ગાર્ડન નવરંગપુરા) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૪/૨૦૨૫ બપોરના ૧૨/૧૫ થી ૪/૧૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, બેડરૂમની તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, આર્ટીફીશીયલ જ્વેલરી અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨૪,૦૦,૨૫૦/- મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.એ.દેસાઇ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૫૬૬/૨૦૨૫**

**અમરાઈવાડીઃ** અશ્મીતાબેન વા/ઓ કેતનભાઈ સીંગાળા (ઉ.વ.૩૫)(રહે.ખોડીયારનગર પંચમુખી હનુમાન રોડ ગારીયાધાર તા.ગારીયાધાર જી.ભાવનગર) એ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૪/૨૦૨૫ બપોરના કલાક ૧૨/૦૦ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન એસ.ટી ગીતામંદીર થી ખોખરા ઓશીયા મોલ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ ચાર અજાણ્યા પુરૂષએ ભેગામળી અશ્મીતાબેનની નજર ચુકવી તેમના થેલામાંથી સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૯૮,૦૦૦/– મતાના ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી વિનોદસિંહ ઇન્દ્રમણીસિંહ ચલાવે છે.

**કાગડાપીઠઃ** શારદાબેન વીડો/ઓફ વીનુભાઈ ડાહ્યાભાઈ ચૌહાણ (ઉ.વ.૭૫)(રહે, ખસીપુરા, ભાગ્યોદય ગેસ્ટ હાઉસ સામે, રાયપુર દરવાજા બહાર)એ તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૪/૨૦૨૫ સાંજના ૪/૩૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન વાડજ AMTS બસ સ્ટેન્ડ થી પોતાના ઘર સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ બે અજાણી સ્ત્રીઓએ ભેગામળી શારદાબેનને કોઇ કેફી પીણુ પીવડાવતા, કેફી પીણાની અસર થતા પોતાના ઘરે જઇ સુઇ ગયા હતા તે દરમ્યાન શારદાબેનની જાણ બહાર તેમના ઘરમા પ્રવેશ કરી, ઘરની તીજોરીમાંથી દાગીના કુલ કિંમત રૂપિયા ૨,૮૦,૦૦૦/– મતાના ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.બલાત ચલાવે છે.

**લીફ્ટમાં દિવાલ વચ્ચે માથુ આવી જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૫૬૭/૨૦૨૫**

**ગોમતીપુરઃ** ગોમતીપુર રાયપુર મીલ પાસે, શ્રીજી એસ્ટેટની સામે, નારાયણ એસ્ટેટમાં આવેલ દુકાન નં.૬૨ માં રહેતો અને ત્યાંજ સીલાઇકામ કરતો મોહમંદ નજારે આલમ સ/ઓ અલાઉદ્દીન શેખ (ઉ.વ.૧૭)(રહે.ગુલમહોર સોસાયટી, બોમ્બે હોટલ પાસે, દાણીલીમડા મુળ વતન નવાડા ગામ, તાલુકો મધ્યપુર, થાણા મધ્યપુર જિલ્લો મધુબની રાજ્ય બિહાર) તા.૨૭/૦૪/૨૦૨૫ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે નારાયણ એસ્ટેટમાં ત્રીજા માળે ફોન લેવા સારૂ નીચેથી માલસામાન લઈ જવાની લિફ્ટમાં બેસી ઉપર જતા હતા ત્યારે લિફ્ટની દિવાલની વચ્ચે લિફ્ટમાં માથું આવી ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૪/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અતિતકુમાર મહેશભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૫૬૮/૨૦૨૫**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** નિર્મલાબેન પ્રવીણકુમાર ઠાકોર (ઉ.વ.૩૫)(રહે.અફઝલ ખાનનો ટેકરો, ઠાકોર વાસ સારંગપુર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૪/૨૦૨૫ બપોરના ૧૨/૫૫ વાગ્યા પહેલા સુભાષબ્રીજ નીચે રિવરફ્રન્ટ વોક વે નજીક નદીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રૂન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઈ અરજણભાઈ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** મીનાબેન વા/ઓ સચીનભાઇ ગોવિંદપ્રસાદ ગુપ્તા (ઉ.વ.૨૮)(રહે,સોધનનગર ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૫ બપોરના ૩/૩૦ થી તા.૨૮/૦૪/૨૦૨૫ ના કલાક ૦૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.સોલંકી ચલાવે છે.

**નિકોલઃ** શૈલેષભાઈ ગોરધનભાઈ સોની (ઉ.વ.૫૧)(રહે.જગદીશભાઈ એપાર્ટમેંટ તક્ષશિલા સોસાયટી સામે વિરાટનગર કેનાલ પાસે નિકોલ મુળ વતન ગામ.ઈટાદરા તા.માણસા, જી.ગાંધીનગર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર દલપતભાઇ ચલાવે છે.

**રામોલઃ** જ્યોતિબેન વા/ઓ સુમનસિંઘ બાદશાહસિંઘ જાતે:-સિંઘ (ઉ.વ.૩૨)(રહે.નર્મદા એપાર્ટમેન્ટ રીલાયન્સ પેટ્રોલ પંપની પાછળ વસ્ત્રાલ મુળ વતન ગામ.અફોર થાના.ખૈરા જી.છપરા, બીહાર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૪/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૮/૦૪/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જેરામભાઇ વાલજીભાઇ ચલાવે છે.

**નારોલઃ** કરિશ્માબેન વા/ઓ અશ્વિન પોપટજી ઠાકોર (ઉ.વ.૨૧)(રહે.શ્રીઓમ એન્જીનિયરીંગ કારખાનાના ધાબા પર આવેલ ઓરડીમાં, વટવા ઈસનપુર રોડ, નારોલ મુળ વતન:- ગામ: જાતભાડલી તા.દાંતીવાડા જી. બનાસકાંઠા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૪/૨૦૨૫ સાંજના ૪/૪૫ વાગ્યા પહેલા પોતાની રહેણાંક ઓરડીમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમી.શ્રી “કે” ડીવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી